# સંસદના બજેટ સત્રનો તોફાની પ્રારંભ

## ભાવ વધારાના મુદ્દે નારાજ થયેલા વિરોધ પક્ષોનો વોકઆઉટ : પ્રથમ દિવસે આક્ષેપ-પ્રતિઆક્ષેપોનો દોર

નવી દિલ્હી, તા.૭

સંસદની બજેટ સત્ર ધારણા પ્રમાણે જ તોફાનીરીતે શરૂ થયું હતું. વિરોધ પક્ષોએ ભાવ વધારા અને રેલવે યાત્રી ભાડામાં વધારાને લઇને બારે ધાંધલ ધમાલ મચાવી હતી જેના પરિણામ સ્વરુપે લોકસભાને મોકૂફ કરવાની ફરજ પડી હતી. ધાંધલ ધમાલનો દોર મોડે સુધી જારી રહ્યો હતો. બીજી બાજુ નાણા પ્રધાન અરુણ જેટલીએ ભાવ વધારાના મુદ્દે નિવેદન કર્યું હતું જેને લઇને કોંગ્રેસ, બહુજન સમાજ પાર્ટી, સીઆઈએમે વોકઆઉટ કર્યો હતો. ભાવ વધારા અંગે અરૂણ જેટલીએ રાજયસભામાં નિવેદનને લઇને સભ્યો ખુશ દેખાયા ન હતા. નાણામંત્રીએ ભાવ વધારા માટે અગાઉની યુપીએ સરકાર ઉપર દોષારોપણ કર્યા હતા. પ્રધાને કહ્યું હતું કે, ડુંગળી અને બટાકાનો જંગી જથ્થો ઉપલબ્ધ છે. ચિંતાની કોઇ વાત નથી. તેમણે ઉમેર્યું હતું કે, જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ કોંગ્રેસના શાસન દરમિયાન વધ્યા હતા. એનડીએ સરકાર ભાવ વધારાને કાબૂમાં લેવા પ્રયાસ કરી રહી છે. ટુંકા ગાળાની અંદર જ સ્થિતિને કાબૂમાં લેવી શક્ય નથી. જેટલીએ એમ પણ કહ્યું હતું કે, ફેબ્રુઆરી મહિનામાં થયેલા નુકસાનના કારણે રેલવેમાં યાત્રી ભાડામાં વધારાની ફરજ પડી હતી. પ્રધાને એમ પણ કહ્યું હતું કે જ્યારે નિર્ણય લેવાની જરૂર હતી ત્યારે યુપીએ દ્વારા કઠોર નિર્ણય લેવાયા ન હતા. યુપીએના મિત્રોએ સમજવું જોઇએ કે તેઓએ રેલવેમાં શું સ્થિતિ રાખી હતી. કોંગ્રેસ હવે અમારા ઉપર દોષારોપણ કરવા માંગે છે. રાજયસભામાં નાણામંત્રીએ જવાબો આપ્યા હતા. ભાવ વધારાના મુદ્દે ભારે ધાંધલ ધમાલ થઇ હતી. લોકસભામાં કામગીરી શરૂ થતાંની સાથે જ સુત્રોચ્ચાર થયા હતા. મોદી સામે ગૃહમાં વિરોધ પક્ષના સભ્યોએ સુત્રોચ્ચાર કર્યા હતા. ડાબેરી નેતા યાચુરીએ કહ્યું હતું કે, દોષારોપણનો કોઇ મતલબ નથી. આપેલા વચનના આધાર પર સરકારને જનમત મળ્યો છે. સીતારામ યાચુરીએ એમ પણ કહ્યું હતું કે, સંસદમાં મહત્વના મુદ્દા ઉપર ચર્ચા માટે સરકાર તૈયાર થઇ છે જે ખુબ સારી બાબત છે. રાજ્યસભામાં કોંગ્રેસના નેતા વિરપ્પા મોઇલીએ કહ્યું હતું કે, રેલવે બજેટ વેળા પણ નજર રહેશે. ભાજપના નેતા મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું હતું કે, ૨૦૦૪થી લઇને ૨૦૧૪ સુધી સંસદથી લઇને શેરીઓ સુધી ભાવ વધારાના મુદ્દે વિરોધ થયો છે પરંતુ ક્યારે ચર્ચા થઇ નથી પરંતુ ભાવ વધારાના મુદ્દે ચર્ચા કરવા સરકાર તૈયાર થઇ છે. ભારે ધાંધલ ધમાલનો દોર જારી રહ્યો હતો.



**કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ રજૂઆત કરી**

## વિપક્ષના નેતાનો હોદ્દો કોંગીને મળવો જોઈએ

નવીદિલ્હી,તા. ૭

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ લોકસભામાં વિપક્ષના નેતાનો હોદ્દો કોંગ્રેસ પાર્ટીને આપવાની આજે જોરદાર માંગણી કરી હતી અને કહ્યું હતું કે, કોંગ્રેસ વિપક્ષમાં સૌથી મોટી પાર્ટી તરીકે છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, અમારી પાર્ટી સૌથી મોટી વિરોધી પાર્ટી તરીકે રહી છે. ચૂંટણી પહેલાના ગઠબંધન પણ અમે કરેલા છે જેથી વિપક્ષના નેતાનો હોદ્દો અમને મળવો જોઈએ. આ મુદ્દે સીપીપીના ચેરમેન સોનિયા ગાંધીએ પ્રથમ વખત તેમની પ્રતિક્રિયા આપી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ મામલામાં ન્યાયતંત્ર સમક્ષ જવાના મુદ્દે હજુ કોઇ નિર્ણય કર્યો નથી. કોંગ્રેસ પાર્ટી આ હોદ્દા માટે ઉત્સુક છે અને હાર સ્વિકારવા તૈયાર



નથી. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, આ બાબત સાચી નથી. અમે ચૂંટણીમાં હારી ચુક્યા છે પરંતુ વિપક્ષના હોદ્દા માટે અમારી સ્થિતિ મજબૂત છે. આજે રાજકારણની સ્થિતિ જુદા પ્રકારની છે. સંસદીય ગૃહની બહાર કોંગ્રેસના વરિષ્ઠ નેતા કમલનાથે કહ્યું હતું કે, સંસદીય પ્રક્રિયા બદલાઈ ચુકી છે. કમલનાથે એમપણ કહ્યું હતું કે, સંસદની કામગીરી યોગ્ય રીતે ચાલે તે જરૂરી છે. સંસદીય બાબતોના પ્રધાન વેંકૈયા નાયડુએ કમલનાથની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, વિપક્ષના સ્ટેટસના મુદ્દે લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજન યોગ્ય વલણ અપનાવી રહ્યા છે. બીજી બાજુ કમલનાથે કહ્યું હતું કે, વિપક્ષના નેતાના હોદ્દા માટે દાવો કરવા લોકસભામાં ૧૦ ટકા સીટ હોવી જોઈએ તેવી કાયદામાં કોઈ જોગવાઈ નથી.

## અમરનાથ દર્શન કરનારની સંખ્યા એક લાખથી વધુ થઈ


શ્રીનગર,તા. ૭

દક્ષિણ કાશ્મીર હિમાલયમાં સ્થિત અમરનાથ ગુફા મંદિરમાં દર્શન કરનાર શ્રદ્ધાળુઓની સંખ્યા વધીને એક લાખથી ઉપર પહોંચી ગઇ છે. આ આંકડો ઝડપથી વધી રહ્યો છે. સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે લોકો ઉત્સાહપૂર્વક અમરનાથ યાત્રામાં ભાગ લઈ રહ્યા છે. જો કે આ વર્ષે હાર્ટ અટેકના કારણે બીજા બે શ્રદ્ધાળુઓના મોત થઈ ગયા છે જેના કારણે આ વર્ષે અમરનાથ યાત્રામાં મૃત્યુ પામનાર શ્રદ્ધાળુઓની સંખ્યા વદીને ૧૨ ઉપર પહોંચી ગઈ છે. અમરનાથ શ્રાઈન બોર્ડના એક પ્રવકતાએ માહિતી આપતા કહ્યુંછે કે ૨૮મી જુનના દિવસે યાત્રાની શરૂઆત થયા બાદથી શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તેમણે કહ્યુંહતુંકે હજુ સુધી ૧૧૨૧૪૩ શ્રદ્ધાળુઓ દ્વારા દર્શન કરવામાં આવી ચુક્યા છે. પ્રવકતાએ કહ્યું છે કે બરફથી બનેલા શિવલિંગના દર્શનં માટે લોકો પહોંચી રહ્યા છે. ગઈકાલે રેકોર્ડ ૧૮૯૯૪ લોકો દ્વારા દર્શન કરવામાં આવ્યા હતા. દરમિયાન એક પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું હતુ કે ચેન્નાઈના નિવાસી બે શ્રદ્ધાળુના હાર્ટ અટેકના કારણે મોત થયા હતા. આ બે લોકોના મોતની સાથે જ મૃત્યુ પામનાર લોકોની સંખ્યા વધીને હવે ૧૨ થઈ ગઈ છે. શ્રદ્ધાળુઓનો ધસારો જોરદાર રીતે જોવા મળી રહ્યો છે. એક પછી એક કાફલાને સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મંજુરી આપવામાં આવી રહી છે. રક્ષા બંધનના દિવસે અમરનાથ યાત્રા પરિપૂર્ણ થશે ત્યાં સુધી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુ દર્શન કરી લે તેવી સંભાવના દેખાઈ રહી છે. બે લાખથી વધારે શ્રદ્ધાળુઓ સત્તાવાર રીતે નોંધણી પહેલાથી જ કરાવી ચુક્યા છે. હજુ બીજા લોકો નોંધણી માટે આગળ આવી રહ્યા છે. લોકની સુવિધા માટે પણ તમામ પગલા લેવામાં આવ્યા છે.

## બજેટ પહેલા જ સેંસેક્સે ૨૬ હજારની સપાટી કુદાવી લીધી

મુંબઈ, તા. ૭

શેરબજારમાં આજે તેજીનું મોજુ રહ્યું હતું. નરેન્દ્ર મોદી સરકારના પ્રથમ બજેટમાં વિકાસલક્ષી પોલિસી જાહેરાતોની આશા વચ્ચે પ્રથમ વખત સેંસેક્સ આજે ૨૬૦૦૦ની સપાટી કુદાવી દીધા બાદ કારોબાર બંધ રહ્યો હતો. સેંસેક્સ કોરાબારના અંતે ૧૩૮ પોઈન્ટ ઉછળીને ૨૬૧૦૦ની સપાટીએ રહ્યો હતો. શુક્રવારના દિવસે સેંસેક્સ ૨૫૯૬૨ની સપાટીએ રહ્યો હતો. ૨૬૦૦૦ની ઐતિહાસિક સપાટીએ કારોબાર શરૂ થયા બાદ બીએસઈ ઈન્ડેક્સે નવી ઈન્ટ્રા ડેની સપાટી હાંસલ કરી હતી. ઈન્ટ્રા ડે દરમિયાન સેંસેક્સ ૨૬૧૨૩ની સપાટીએ રહ્યો હતો. બીજી બાજુ નિફટી ૩૬ પોઈન્ટ ઉછળીને ૭૭૮૭ની સપાટીએ રહ્યો હતો. નિફટીએ અગાઉની ૭૭૫૧ની સપાટીને કુદાવી હતી. ઈન્ટ્રા ડે દરમિયાન નિફટીએ ૭૭૯૨ની સપાટી મેળવી હતી. દરમિયાન ફોરેન પોર્ટફોલિયો મૂડીરોકાણકારોએ ગયા શુક્રવારે ૯૪૩.૧૯ કરોડની કિંતમના શેર ખરીદી લીધા હતા. સેકટરલ ઈન્ડેક્સમાં બીએસઈ આઈટી ઈન્ડેક્સમાં સૌથી વધુ ૨.૬૩ ટકાનો ઉછાળો રહ્યો હતો. ટીસીએસ અને વિપ્રોમાં ઉલ્લેખનીય ઉછાળો રહ્યો હતો. બીએસઈ ટેક ઈન્ડેક્સમાં ૨.૧૬ ટકાનો ઉછાળો રહ્યો હતો. બીએસઈ ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં૦.૯૧ ટકાનો ઘટાડો રહ્યો હતો. આરઆઈએલ, ઓએનજીસી, ગેલમાં પ્રોફિટ લેવાની સ્થિતિ રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં શુક્રવારે તેજીનું જ મોજુ રહ્યું હતું. ૧૦મીએ રજૂ થનાર બજેટને લઈને ઉત્સુકતા વધી રહી છે. શુક્રવારે કારોબારના અંતે સેંસેક્સ ૧૩૮ પોઈન્ટ સુધરીને ૨૫૯૬૨ની સપાટીએ પહોંચ્યો હતો. બંને બેંચમાર્કમાં ચોથી જુલાઈના દિવસે પુરા થયેલા સપ્તાહ દરમિયાન ત્રણ ટકાથી વધુનો ઉછાળો થયો છે. છેલ્લા સપ્તાહના છેલ્લા કારોબારી સેશન દરમિયાન બીએસઈ ઓઈલ અને ગેસ ઈન્ડેક્સમાં સૌથી વધુ ૧.૭ ટકાનો ઉછાળો નોંધાયો હતો. જ્યારે પાવર, રિયાલીટી, બેંકેક્સ, એફએમસીજી, હેલ્થકેર ઈન્ડેક્સમાં સુધારો નોંધાયો હતો. જ્યારે મેટલ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, કેપિટલ ગુડ્ઝમાં ઘટાડો નોંધાયો હતો. ઈન્ડેક્સ હેવીવેઈટમાં રિલાયન્સમાં ૨.૫ ટકાનો અને ઈન્ફોસિસમાં ૦.૮ ટકાનો ઉછાળો નોંધાયો હતો. આજે સેંસેક્સે ૨૬૦૦૦ની સપાટીને કૂદાવી દેતા કારોબારીઓ ખુશ રહ્યા હતા. ટેકનોલોજીના શેરમાં તીવ્ર તેજી રહી હતી.



**પિથોરાગઢમાં એક સપ્તાહમાં બીજી વખત ભૂકંપ**

## વારંવાર આંચકા બાદ જોહર ખીણમાં એલર્ટ : તંત્ર સાબદુ

પિથોરાગઢ, તા. ૭

પિથોરાગઢમાં એક સપ્તાહમાં બીજી વખત ભૂકંપનો આંચકો આવ્યા બાદ તંત્રમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. આના પરિણામ સ્વરુપે સાવચેતીના પગલા સ્વરુપે ધાર્મિક વિસ્તારોમાં એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. જોહર ખીણ, દર્મા ખાતે એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. ડિસ્ટ્રીક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સત્તાવાળાઓ દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. પિથોરાગઢ જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓફિસર આરએસ રાણાએ માહિતી આપતા કહ્યું છે કે, રિક્ટર સ્કેલ ઉપર ૪.૫ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો જિલ્લાની દર્મા ખીણમાં અનુભવ કરવામાં આવ્યો છે. એક સપ્તાહની અંદર બીજી વખત ભૂકંપનો આંચકો આવ્યો છે જે ચિંતા સર્જે છે. અલબત્ત ભુકંપના આંચકાના કારણે નુકસાનના અહેવાલ મળ્યા નથી પરંતુ વારંવાર ભુકંપના આંચકાના લીધે ટેક્ટોનિક પ્રવૃત્તિ વધી ગઈ છે. આના કારણે ભૂકંપના આંચકા વધુ તીવ્ર આવી શકે છે. રિક્ટર સ્કેલ ઉપર ૪.૧ અને તેનાથી ઓછી તીવ્રતાના આંચકા વારંવાર આવવાની બાબત ખતરનાક બની શકે છે. વર્ષ ૨૦૧૦માં ૪થી ૫.૨ની તીવ્રતાના ઘણા આંચકા આવ્યા હતા. આજકારણસર એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, ઉત્તરાખંડમાં ચાર ધામની યાત્રા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી. કારણ કે, વિનાશકારી પૂરની સ્થિતિ સર્જાઈ હતી અને ભારે નુકસાન થયું હતું. કેદારનાથ ખીણમાં સૌથી વધારે નુકસાન થયું હતું. હજારો શ્રદ્ધાળુઓના મોત થઈ ગયા હતા. કેદારનાથ ખીણ અને અન્ય આસપાસના વિસ્તારોમાં હજુ પણ સ્થિતિ સંપૂર્ણપણે સુધરી નથી. એક સપ્તાહમાં બીજી વખતે ભૂકંપનો આંચકો ચિંતા સર્જે તેવો છે.

## ઈરાકથી ૮૪ કન્સ્ટ્રક્શન વર્કરો આખરે પરત ફર્યા

નવીદિલ્હી, તા.૭

આંધ્રપ્રદેશ, તેલંગાણામાંથી રહેલા ૮૪ કન્સ્ટ્રક્શન વર્કરોની બેંચ આજે ઈરાકથી પરત ફરી હતી. આ લોકોનું કહેવું છે કે, યુદ્ધ ગ્રસ્ત ઈરાકમાં મોતના મુખમાંથી તેઓ પરત ફર્યા છે. આંધ્રપ્રદેશમાં પૂર્વીય ગોદાવરી જિલ્લાના વર્કરનું કહેવું છે કે, ઈરાક ખુબ જ ખતરનાક સ્થળ તરીકે છે. આ વિસ્તારમાં સ્થિતિ ખુબ જ કફોડી બનેલી છે. દેશ છોડવા માટે અને પોતાના જીવ બચાવવા માટે તેમને ફરજ પડી છે. પાટનગર બગદાદથી ૧૮૦ કિલોમીટરના અંતરે સ્થિત નઝફમાં વિલ્લા વિકસિત કરવાના પ્રોજેક્ટમાં રહેલા ૮૪ વર્કરો પરત ફર્યા છે. આ લોકો આજે સવારે દિલ્હી પહોંચ્યા હતા.આંધ્રપ્રદેશ ભવન ખાતે તેમને રાખવામાં આવ્યા હતા. આંધ્રપ્રદેશમાંથી ૩૮ અને તેલંગાણામાંથી બાકીના લોકો પરત ફર્યા છે.

## બ્રાઝિલ-જર્મની વચ્ચે હવે ફાઈટ ટુ ફિનિશ જંગ થશે

રિયો ડી જિનેરિયો,તા. ૭

એસ્ટાડિયો મિનેરાવ ખાતે આવતીકાલે ફીફા વર્લ્ડ કપમાં બ્રાઝિલ અને જર્મની વચ્ચે પ્રથમ સેમીફાઈનલ મેચ રમાનાર છે. આ મેચ ફીફા વર્લ્ડ કપની હજુ સુધીની સૌથી રોમાંચક મેચ બની રહે તેવી શક્યતા છે. સ્ટાર ખેલાડી નેમાર અને સિલ્વા વગર બ્રાજિલની ટીમ મેદાનમાં ઉતરનાર છે જેથી જર્મનીને આ વખતે જીત મેળવી લેવાની તક રહેલી છે. બીજી બાજુ નેમારની ગેરહાજરીમાં બ્રાઝિલની ટીમ પર વધુ સારો દેખાવ કરવાનુ દબાણ વધી ગયુ છે. આ મેદાની રચના વર્, ૧૯૬૫માં કરવામાં આવી હતી. આની ક્ષમતા ૫૮૧૭૦ ચાહકોની છે. પરંતુ આવતીકાલે આના કરતા વધારે ચાહકો પહોંચી જાય તેવી શક્યતા છે. બ્રાઝિલ અને જર્મની વચ્ચે આંકડા પર નજર કરવામાં આવે તો બ્રાઝિલ આગળ છે. પરંતુ જર્મનીની ટીમ આ વખતે વધારે હોટફેવરીટ દેખાઈ રહી છે. રસપ્રદ બાબત એ છે કે તેમની વચ્ચે આઠ વર્લ્ડ કપ ટાઈટલ રહ્યા છે.બન્ને ટીમોમાં સ્ટાર ખેલાડી પર નજર રહેશે. વર્ષ ૨૦૦૨માં બન્ને ટીમો ફાઈનલમાં આવી હતી. જેમાં બ્રાઝિલે જર્મની પર ૨-૦તી જીત મેળવી હતી. આ મેચમાં બન્ને ગોલ રોનાલ્ડોએ કર્યા હતા. જર્મની તરફથી મુલર, લામ અને ક્લોઝ પર નજર રહેશે. બીજી બાજુ બ્રાઝિલ ડિફેન્ડર ડેવિડ લુઈઝ પર આધારિત રહેશે. તે બ્રાઝિલ તરફથી નેમાર બાદ વધુ ગોલ કરી શક્યો છે. જર્મનીના કેપ્ટન ફિલીપ લામે કહ્યું છે કે અમે બ્રાઝિલને હાર આપી દેવાની સ્થિતીમાં છીએ. અમે ચોક્કસપણે ફાઈનલમાં જઈશુ. અને ચોથી વખત વર્લ્ડ કપ જીતીશુ. લામના કહેવા મુજબ બેસ્ટ ખેલાડી બ્રાજિલ સામે મેદાનમાં ઉતરશે. ફીફા વર્લ્ડ કપને લઈને ફુટબોલ ક્રેઝ પહેલાથી જ ચરમસીમા પર છે. સૌથી રસપ્રદ બાબત એ છે કે બ્રાઝિલમાં બીજી વખત વિશ્વ કપ ફુટબોલનુ આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ ૧૯૫૦માં પણ બ્રાઝિલમાં વિશ્વ કપનુ આયોજન કરવામાં આવ્યું હતુ. બ્રાઝિલને વર્ષ ૨૦૦૭માં યજમાન દેશ તરીકે જાહેર કરવામાં આવ્યા બાદથી જ બ્રાઝિલમાં ભારે ઉત્સુકતા હતી.પોતાની ટીમનો ઉત્સાહ વધારવા બ્રાઝિલમાં જોરદાર માહોલ છે.

## સમાચાર ઝલક

- તિહાર જેલમાં હિન્દુઓ પણ રોજા રાખે છે.
- પૂર્વોત્તરમાં ચીની મોબાઈલ સિગ્નલ આવે છે : ભારતની ચિંતામાં વધારો.
- ગુજરાતમાં ચોરીના બનાવોમાં પ્રજાના રૂ. ૧૩૭ કરોડ ગુમાવ્યા છે.
- અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમની બહેન હસીનાનું કરૂણ મોત.
- બોલીવુડમાંથી માધુરી દિક્ષીતના વળતાં પાણી.
- વિશ્વના અનેક શેરબજારોમાં દિવાળી જેવો માહોલ.
- સાઉદી અરબમાં ભારતીય બાસમતી ચોખાનો નિકાસમાં સતત વધારો.
- સૂરતમાં બ્રીજ દુર્ઘટનામાં ડેપ્યુટી ઈજનેરની ધરપકડ થતાં ફફડાટ.
- તમિલનાડુમાં ભારે વરસાદથી દિવાલ ધસી પડતાં ૧૧ નાં મોત.
- ઉત્તરપ્રદેશમાં વિદ્યાર્થીઓએ શિક્ષિકા સાથે દુષ્કર્મ ગુજાર્યો.
- ગુજરાતનું 'બેટી બચાવો' અભિયાન રાષ્ટ્રીય સ્તરે શરુ કરાશે.
- શ્રી મુકેશ અંબાણી સૌથી મોંઘી ચોટના માલિક બનશે.
- હેપી ન્યુયરને પ્રમોટ માટે શાહરૂખખાનનું ૨૦૦ કરોડનું બજેટ.
- ૨૭મી જુલાઈએ ૭૦ વર્ષ બાદ વિજય અમૃત સિદ્ધિયોગ આવશે.
- ચીનમાં એક યુવાનના બંને હાથ નથી તો પણ કાર ચલાવે છે.
- ભૂતપૂર્વ વડાપ્રધાનના પુત્ર કુમારસ્વામી ૪૦ કરોડની લાંચ લેતા ઓડિયો ટેપમાં સપડાયા.
- પાકિસ્તાનમાં તમામ શહેરોમાં આર્મી તૈનાત કરવા આદેશ.
- મોંઘવારી બેકાબુ : સામાન્ય માણસ માટે જીવન જીવવું દોહલું.

## ૧૦ લોકો પૈકી ત્રણ લોકો ગરીબ : રંગરાજન પેનલ

નવી દિલ્હી,તા. ૭

આરબીઆઈના પૂર્વ ગવર્નર સી. રંગરાજનના નેતૃતવમાં એક નિષ્ણાંત પેનલે હવે એમ કહીને ભારે વિવાદ છેડી દીધો કે ગ્રામીણ વિસ્તારમાં દરરોજ ૩૨થી વધુ અને શહેરોમાં દરરોજ ૪૭થી વધુ રૂપિયાનો ખર્ચ કરનાર વ્યક્તિને ગરીબ ગણી શકાય નહી.

એમપીઈએસીના પૂર્વ ચેરમેન સી રંગરાજનના નેતૃત્વમાં પેનલ દ્વારા અંદાજિત ગરીબી અંગેના તેંડુલકર કમિટિના અહેવાલને ફગાવી દીધો છે અને કહ્યું છે કે, વર્ષ ૨૦૧૧-૧૨માં જે આંકડો મુકાયો હતો તેની સરખામણીમાં ભારતમાં ગરીબોની સંખ્યા ખૂબ વધારે છે આનો મતલબ એ થયો કે, ૧૦ લોકો પૈકી ત્રણ લોકો ભારતમાં ગરીબ છે. રંગરાજન દ્વારા આયોજન પ્રધાન રાવ ઈન્દ્રજિતસિંહને સુપ્રત કરવામાં આવેલા અહેવાલ મુજબ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં આંકડા જુદા છે. રંગરાજન પેનલે અંદાજ મુક્યો છે કે, ૨૦૦૯-૧૦માં ગરીબી ૩૮.૨ ટકા હતી. રંગરાજન કમિટિની રચના તેંડુલકર કમિટિની પદ્ધતિની સમીક્ષા કરવા રચવામાં આવી હતી. રંગરાજન પેનલે અંદાજ મુક્યો છે કે, મહિને ૧૪૦૭ અથવા તો દરરોજ ૩૩ રૂપિયાથી ઓછાની કમાણી કરનાર વ્યક્તિ શહેરોમાં ગરીબ છે. તેંડુલકર કમિટિએ મહિને એક હજાર અથવા દરરોજ ૩૩ રૂપિયાથી ઓછી કમાણી કરનાર વ્યક્તિને ગરીબ ગણાવી હતી. સંસદના બજેટ સત્રની શરૂઆત કરવામાં આવે તે પહેલા આ અંગેની ભલામણ સંસદમાં ભારે હોબાળો મચાવે તેવી શક્યતા દેખાઈ રહી છે. સમિતીના અહેવાલને લઈને પ્રશ્નો થવા લાગી ગયા છે. વર્ષ ૨૦૧૧-૧૨માં સુરેશ તેન્ડુલકર પેનલની ભલામણે પણ ભારે ચર્ચા જગાવી હતી. આ પેનલની ભલામણના આદાર પર ગરીબી રેખા નક્કી કરવામાં આવી હતી. જે મુજબ ગ્રામીણ વિસ્તારમાં દરરોજ ૨૭ રૂપિયા અને શહેરી વિસ્તારોમાં દરરોજ ૩૩ રૂપિયા ખર્ચ કરનાર વ્યક્તિ ગરીબ છે. આમાં જણાવવામાં આવ્યું હતું કે આ મર્યાદા પર બે વખતના ભોજનની બાબત મુશ્કેલ છે. રંગરાજન સમિતીને તેન્ડુલકર ફોર્મ્યુલા તરફ ધ્યાન આપવાની જવાબદારી સોંપાઈ હતી. યુપીએ સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલી નીચી ગરીબી રેખાને લઈને લોકોમાં ભારે હોબાવો થયા બાદ ગરીબી રેખા માટે નવી પરિભાષા નક્કી કરવા રજૂાત થઈ હતી. રંગરાજન પેનલ દ્વારા નક્કી કરવામાં આવેલી ગરીબી રેખા મુજબ ભારતની કુલ વસ્તી પૈકી ૨૯.૫ ટકા વસ્તી ગરીબી રેખા નીચે છે. જ્યારે તેન્ડુલકર પેનલે કહ્યું હતું કે દેશમાં કુલ વસ્તી પૈકી ૨૧.૯ ટકા લોકો ગરીબી રેખા નીચે છે. લોકોને ગરીબી રેખાની નીચેથી ઉપર લાવવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. બજેટ સત્ર દરમિયાન ભારે હોબાળો થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. રંગરાજન સમિતીના તારણો પણ વિવાદ જગાવી શકે છે.

## ભાજપ સરકાર આવ્યા બાદથી મોંઘવારી વધી

નવીદિલ્હી, તા.૭

ભાવ વધારાના મુદ્દે સરકારની ટિકા કરતા સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવે આજે કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી સરકાર સત્તા પર આવ્યા બાદ મોંઘવારીમાં વધારો થયો છે. તેમણે કહ્યું હતું કે, સરકારને સત્તામાં આવ્યાને હવે સમય થઈ ગયો છે જેથી ભાવ વધારા સામે હવે પગલા લેવા જોઈએ.

તેમણે એમ પણ કહ્યું હતું કે, નવી સરકારે શપથ લીધા બાદથી ફુગાવો સતત વધ્યો છે. સંસદની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા મુલાયમે કહ્યું હતું કે, સમાજવાદી પાર્ટીની સાથે સાથે કોંગ્રેસ, આરજેડી, સમાજવાદી પાર્ટી અને એએપી દ્વારા લોકસભામાં મુદ્દા ઉઠાવવામાં આવશે. મોકૂફી દરખાસ્ત માટે ચર્ચા ઉપર ભાર મુકવામાં આવ્યો છે. બીજી બાજુ સંસદીય બાબતોના પ્રધાન વેંકૈયા નાયડુએ કહ્યું હતું કે, સરકાર કોઈપણ બાબતને છુપાવશે નહીં. નિયમ ૧૯૩ હેઠળ આ મામલે ચર્ચા કરવા માટે પણ ભાજપ સરકાર તૈયાર છે.

## દિપિકા અને કેટરીનાને લઈ રણબીર દુવિધામાં

મુંબઈ,તા. ૭

બોલિવુડ સ્ટાર રણબીર કપુર હાલમાં કેટરીના કેફ અને દિપિકાને લઈને ભારે દુવિધામાં દેખાઈ રહ્યો છે. તે બન્નેને ।નારાજ કરવા ઈચ્છુક નથી. જેથી બન્ને સાથે શુટિંગ કરી રહ્યો છે. જો કે બન્ને રણબીર કપુરની નજીક જવાના પ્રયાસમાં છે. એકબાજુ વર્તમાન પ્રેમિકા કેટરીના કેફ છે જ્યારે બીજી બાજુ પૂર્વ પ્રેમિકા દિપિકા છે. તમાશા ફિલ્મનુ શુટિંગ એક મહિના સુધી ફ્રેન્ચ આઈલેન્ડમાં કરવામાં આવનાર છે. કોરિસામાં આ ફિલ્મનુ શુટિંગ કરવામાં આવનાર છે. આ ફિલ્મમાં તેની સાથે દિપિકા મુખ્ય અભિનેત્રી તરીકે ચમકનાર છે. આ સમાચાર સાંભળીને કેટરીના ચિંતાતુર દેખાઈ રહી છે. બીજી બાજુ તેની પૂર્વ પ્રેમિકાને પણ મિત્રતામાં રાખવા ઈચ્છે છે. હાલમાં રિતિક સાથે ફિલ્મ બેંગ બેંગના શુટિંગમાં વ્યસ્ત કેટરીના રણબીર પાસે જતી રહેવા માંગે છે. આ જ કરાણસર રણબીરની તકલીફ વધી ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે રણબીર અને કેટરીના જગ્ગા જાસુસની શુટિંગ દરમિયાન કેટરીના અને રણબીર દક્ષિણ આફિકામાં એકસાથે રહ્યા હતા. બન્ને એક શાનદાર હનિમુન સુટમાં રોકાયા હતા. હવે પોતાની પૂર્વ પ્રેમિકા અને વર્તમાન ગર્લફ્રેન્ડ વચ્ચે કોઈ મુશ્કેલ ઉભી ન થાય તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

મુશ્કેલીમાંથી બચવા માટે રણબીરે કેટરીનાને ફ્રાન્સ ન આવવા માટે કહ્યું છે. હવે કેટરીનાને બેંગ બેંગ ફિલ્મના શુટિંગ દરમિયાન કેટલાક દિવસની રજા મળનાર છે. જેથી તે રણબીર કપુર પાસે પહોંચી જસે કે કેમ તેને લઈને ચર્ચા છે. જો કે રણબીર કોઈ વિવાદમાં પડવા માંગતો નથી. રણબીર અને દિપિકાની છેલ્લે યે જવાની હે દિવાની રજૂ થઈ હતી. જે બોક્સ ઓફિસ પર ઉલલેખનીય સફળતા મેળવી ગઈ હતી. હવે બન્નેની જોડીની ચાહકો રાહ જોઈ રહ્યા છે.